# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## સુકન્યા સમૃધ્ધિ યોજના

### લાભ કોને મળે

- ઝીરો થી દશ વર્ષ સુધીની દીકરી/કન્યા આ યોજનામાં જોડાઇ શકે છે.
- માતા-પિતા અથવા કાયદેસરના વાલી દીકરી-કન્યાનું ખાતું ખોલાવી શકે છે. (કન્યાની ઉંમર મર્યાદા ૧૦ વર્ષ).
- દીકરી-કન્યાનું એક જ ખાતું ખૂલી શકે પરંતુ જો એક કરતા વધારે દીકરીઓ કુટુંબમાં હોય તો વધુમાં વધુ બે દીકરીનું ખાતું ખોલી શકાય.
- પ્રથમ દીકરીના જન્મ બાદ બીજી ડીલીવરીમાં ટ્વીન્સ બેબી-દીકરીનો જન્મ થાય તો ત્રણે દીકરીના સુકન્યા સમૃદ્ધિમાં ખાતું ખોલાવી શકાય.

### શરતો

- ખાતું ખોલાવ્યા બાદ એક નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા રૂા.૨૫૦/- ભરવા જરૂરી છે. અને વધુમાં વધુ રૂા.૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર પુરા) ભરી શકાય અને આ ભરેલ રકમ ઇન્કમટેક્ષની કલમ ૮૦(સી) હેઠળ બાદ મળી શકે છે.

### કેટલો લાભ મળે :

- બેંક ડીપોઝીટના વ્યાજ દરની સરખામણીએ વધારે વ્યાજ મળે છે.
- આ ખાતામાં ભરવામાં આવતી રકમ ઇન્કમટેક્ષની કલમ ૮૦(સી) હેઠળ વધુમાં વધુ રૂા.૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.
- દીકરી/કન્યાના લગ્ન સમયે ઉપયોગમાં લઇ શકાય તેમજ કન્યાના/દીકરીના ઉચ્ચ અભ્યાસ માટે જમા રહેલ રકમમાંથી ૫૦% રકમ ઉપાડી શકાય.

### લાભ ક્યાંથી મળે

- જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો તેમજ પોસ્ટ ઓફિસમાં સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલાવી શકાય છે.

### ખાતું ખોલાવવા કયા ડોક્યુમેન્ટ જોઇએ :

- કન્યા/દીકરીનું જન્મ પ્રમાણપત્ર.
- વાલીનું ફોટાવાળું ઓળખપત્ર.
- વાલીનું રહેઠાણના સરનામાવાળો પુરાવો.

